# અમદાવાદમાં કોરોનાનો આતંક : વધુ ૧૬૯ કેસ

## ગુજરાતમાં કુલ ૨૮૧૫ : આજે વધુ પંદરના મોત : આજે વધુ ૧૯૧ કેસ

## કોરોના વાયરસના ૨૯ દર્દીઓ ગુજરાતમાં હજુ વેન્ટીલેટર પર

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં કોરોના તાંડવ યથાવતરીતે જારી રહ્યો છે. આજે પણ વિક્રમી સંખ્યામાં નવા કેસો સપાટી ઉપર આવ્યા હતા. રાજ્યમાં નવા ૧૯૧ કેસો સપાટી પર આવ્યા હતા જે પૈકી એકલા અમદાવાદમાં જ ૧૬૯ કેસો સપાટી ઉપર આવ્યા હતા. નવા કેસોની સાથે જ ગુજરાતમાં કેસોની સંખ્યા વધીને ૨૮૧૫ સુધી પહોંચી ગઈ છે. ૨૯ દર્દીઓ હજુ પણ વેન્ટીલેટર પર છે જ્યારે ૨૩૯૪ દર્દીઓ સ્ટેબલ સ્થિતિમાં છે. કોરોના સામે જંગ જીત્યા બાદ ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૨૬૫ નોંધાઈ છે જ્યારે આજે રાજ્યમાં વધુ ૧૫ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૧૨૭ ઉપર પહોંચ્યો હતો. અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનકરીતે બનેલી છે. અમદાવાદ સિવિલમાં આજે મોટાભાગના દર્દીઓના મોત થયા હતા. અમદાવાદ સિવિલમાં મૃત્યુ પામેલા દર્દીઓની વાત કરવામાં આવે તો સાત દર્દીઓના મોત થયા હતા. આનાથી વ્યાપક દહેશત વધી ગઈ હતી. કેટલાક દર્દીઓ હાઈપર ટેન્શન અને ડાયાબિટીસના દર્દીઓ હોવાનું જાણવા મળ્યું છે પરંતુ આજે મૃત્યુ પામેલા પૈકી માત્ર એક જ ૧૭ વર્ષની કિશોરી રહી છે. બાકી તમામની વય ૬૦થી ઉપર રહી છે. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે.

ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીયરીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી



હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૧૫૧ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છ. અમદાવાદમાં આજે જે ૧૬૯ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે. અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે.

ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજયમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વાત કરવામાં આવે તો સંખ્યા અમદાવાદમાં સૌથી વધારે વધી રહી છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં અમદાવાદ સિવાય જ્યાં કેસોની સંખ્યા સૌથી વધારે રહી છે તેમાં સુરતનો સમાવેશ થાય છે.

સુરતમાં આ આંકડો ૪૬૨નો રહ્યો છે જ્યારે વડોદરામાં ૨૨૩ કેસો હજુ સુધી નોંધાઈ ચુક્યા છે. રાજયના હોટસ્પોટ એવા અમદાવાદ, સુરત અને વડોદરાને લઈને કેન્દ્રીય સ્તર સુધી પણ નોંધ લેવામાં આવી છે. કારણ કે, આ તમામ વિસ્તારોમાં કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં કુલ કેસો ૨૮૧૫ નોંધાયા છે જે પૈકી ૧૮૨૧ કેસો એકલા અમદાવાદમાં નોંધાયા છે જે દર્શાવે છે કે, અમદાવાદમાં સ્થિતિ કેટલી ગંભીર બનેલી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા અમદાવાદના આંકડાને લઈને ચિંતા વ્યક્ત કરી છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૧૮૨૧ | ૮૩ | ૧૧૩ |
| વડોદરા | ૨૨૩ | ૧૧ | ૫૩ |
| સુરત | ૪૬૨ | ૧૪ | ૧૫ |
| રાજકોટ | ૪૧ | ૦ | ૧૨ |
| ભાવનગર | ૩૫ | ૫ | ૧૮ |
| આણંદ | ૩૬ | ૨ | ૧૩ |
| ભરૂચ | ૨૯ | ૨ | ૩ |
| ગાંધીનગર | ૧૯ | ૨ | ૧૧ |
| પાટણ | ૧૫ | ૧ | ૧૧ |
| પંચમહાલ | ૧૫ | ૨ | ૦૦ |
| બનાસકાંઠા | ૧૬ | ૦ | ૧ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | ૧૧ | ૦૦ | ૩ |
| કચ્છ | ૦૬ | ૦૧ | ૦૧ |
| મહેસાણા | ૦૭ | ૦૦ | ૦૨ |
| બોટાદ | ૧૨ | ૦૧ | ૦૦ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૫ | ૦૦ | ૦૧ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૨ |
| અરવલ્લી | ૧૮ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૦૯ | ૦૦ | ૦૦ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૧ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૨૮૧૫** | **૧૨૭** | **૨૬૫** |

# ...તો અમદાવાદમાં કોરોનાના આઠ લાખ કેસ હશે..!

## લોકો સાવધાન : જો ૪ દિવસમાં કેસ ડબલ થતા રહેશે તો ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસ થઈ શકે, લોકડાઉન પુરૂ થાય ત્યાં સુધીમાં કેસ ડબલિંગ રેટ ૭થી ૮ દિવસ સુધી લઈ જવાનો ટાર્ગેટ

જો વર્તમાન વૈશ્વિક મહામારી કોરોનાને રોકવામાં અમદાવાદના નાગરિકો સત્તાવાળાઓને હજુપણ સંપૂર્ણ સાથ સહકાર નહીં આપે અને કેસો વર્તમાન દરે વધતા રહેશે તો ૧૫ મે સુધીમાં એકલા અમવાદમાં જ ૫૦ હજાર પોઝીટીવ કેસો નોંધાઈ શકે તેમ છે....!! અને આટલા કેસો માટે અમદાવાદમાં હોસ્પિટલોમાં સહેજ પણ જગ્યા નહીં મળે. ટલુ જ નહીં જો ૪ દિવસમાં કેસ ડબલ થતા રહેશે તો ૩૧ મે સુધીમાં અમદાવાદમાં ૮ લાખ કેસ થઈ શકે તેમ છે......! અમદાવાદના નાગરિકોને આ પ્રકારની અતિગંભીર ચેતવણી ખુદ મ્યુનિ. કમિશ્નર વિજય નેહરાએ આપી છે. તેમણે નાગરિકોને લોકડાઉનમાં ઘરે રહેવા અને નિયમોનું પાલન કરવાની ફરીએકવાર અપીલ પણ કરી હતી. સવાલ એ પણ ચર્ચાઈ રહ્યો છે કે જો પરિસ્થિતિ આટલી ગંભીર બની શકે તેમ છે એમ સત્તાવાળાઓ જાણે છે તો પછી કર્ફ્યુ ઉઠાવી લેવાની કેમ ફરજ પડી છે. જેમ લોકડાઉન લંબાવવામાં આવ્યું તેમ કર્ફ્યુ પણ લંબાવી શકાયુ હોત.

કોરોના વાઈરસનું હોટસ્પોટ બનેલા ગુજરાતના સૌથી મોટા અમદાવાદ શહેર અને જિલ્લામાં



**અમદાવાદ મ્યુનિ. કમિશનર નેહરાની અતિ ગંભીર ચેતવણી : હજુ પણ અમદાવાદના નાગરિકો લોકડાઉનનું પાલન નહિ કરે તો ગંભીર પરિસ્થિતિ સર્જાશે : નેહરા**

અત્યાર સુધીમાં કોરોનાના ૧૬૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ શહેરમાં કોરોના અંગેની માહિતી આપતા જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૧ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૭ દર્દીના મોત થયા છે. ૧૭થી ૨૦ એપ્રિલમાં કેસ ડબલ થયા છે. હાલ ચાર દિવસમાં કેસ ડબલ થાય છે. જો આ રેટ રહેશે તો ૧૫ મે સુધીમાં ૫૦ હજાર થાય અને ૩૧ મે સુધીમાં ૮ લાખ કેસ એકલા અમદાવાદમાં થઈ શકે. લોકડાઉન પુરૂ થાય ત્યાં સુધીમાં કેસ ડબલિંગ રેટ ૭થી ૮ દિવસ સુધી લઈ જવાનો છે. જો આ લક્ષ્યાંક હાંસલ થાય તો ૧૫ મે સુધીમાં ૧૦ હજાર જ કેસ થશે અને જો ૧૦ દિવસનો ડબલિંગ રેટ એચીવ કરીએ તો ૧૫ મે સુધીમાં ૮ હજાર જ રહેશે.

મે મહિનાના અંત સુધી કોઈ વડીલ ઘર બહાર ન નીકળે, એવી અપીલ સાથે વિજય નેહરાએ આગળ જણાવ્યું કે, હું યુવાનોને હું વિનંતી કરું છું કે, જે વડીલોએ આપણને સાચવ્યા છે તે વડીલોને આપણને સાચવવાનો વારો આવ્યો છે. સૌ યુવાનો વડીલોને સાચવે તે જરૂરી છે. જેને લઈને તમામ યુવાનો આ બાબતે સોશિયલ મીડિયામાં જાગૃતિ માટે વીડિયો બનાવીને પણ શેર કરી શકે છે. જે યુવાન સૌથી સારો વીડિયો બનાવશે તેને હું લોકડાઉન પુરું થયા પછી રૂબરૂ મળીશ અને તેમની કામગીરીને બિરદાવીશ. મે મહિનાના અંત સુધી કોઈ પણ વડીલોને ઘર બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા નમ્ર અપીલ છે.

બોપલ સહિત અમદાવાદ જિલ્લામાં ૨ નવા પોઝિટિવ કેસ નોંધાયા છે.અમદાવાદ જિલ્લામાં આજે વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે. દસક્રોઈ તાલુકાના બોપલ અને જેતલપુરમાં બે કેસ સામે આવતાં જિલ્લામાં કુલ ૨૦ પોઝિટિવ કેસ થયા છે. જેમાં દસક્રોઈમાં જ ૧૫ કેસ સામે આવ્યા છે.

દરમ્યાન, અમદાવાદમાં કોટ વિસ્તાર આજથી કર્ફ્યુ મુક્ત, થઈ ગયો છે. આ પહેલા કોટ વિસ્તારમાં કેસો વધતા કરફ્યુ લગાવવામાં આવ્યો હતો. કોટ વિસ્તારમાંથી આજે કરફ્યુ ઉઠાવી લેવાયો છે, પરંતુ લોકડાઉન છે છતાં શહેરના દિલ્હી દરવાજા વિસ્તારમાં આજ સવારથી જ સામાન્ય દિવસની જેમ લોકોની ભીડ જોવા મળી હતી. લોકડાઉનમાં કારણ વગર કોઈપણ વ્યક્તિ બહાર નીકળી શકે નહીં છતાં મોટી સંખ્યામાં લોકો બહાર નીકળી પડ્યા હતાં. સોશિયલ ડિસ્ટન્સનો પણ અભાવ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા લોકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા માટે કહેવામાં આવતું હતું છતાં લોકો પાલન કરતા ન હતા. માત્ર દિલ્હી દરવાજા જ નહીં કોટ અન્ય વિસ્તારોમાં પણ લોકો સવારથી જ બહાર નીકળી પડ્યા હતા. દૂધ, કરીયાણું લેવા માટે નીકળ્યા હોવાના બહાના કર્યા હતા. મોટાભાગના લોકોને કોરોનાનો ડર જ ન હોય તેમ ફરી રહ્યા હતા. જો આમ જ ચાલશે તો શક્ય છે કે મ્યુનિ. કમિશ્નરે જે ચેતવણી આપી છે તે સાર્થક થઈને જ રહેશે.

### પ્રાંતિજના બાલીસણા ગામે આરોગ્યકર્મી પર હુમલો કરનાર ત્રણેય આરોપીઓને પાસા હેઠળ જેલ મોકલાયા

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે ઘરે તપાસ અર્થે આવેલ આરોગ્ય કર્મચારને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપનાર ત્રણેય આરોપીઓને આજે પાસા હેઠળ અલગ અલગ જિલ્લાઓની જેલોમાં મોકલી આપવામાં આવ્યા.

પ્રાંતિજના બાલીસણા ગામમાં હાલ કોરોનાને લઈને અમદાવાદથી આવતા યુવકની તપાસ અર્થે ફરજના ભાગરૂપે આરોપીઓના ઘરે ગયેલ આરોગ્યકર્મી જયદિપકુમાર રમણભાઈ પરમારને અમદાવાદથી આવેલ ગૌતમભાઈ શંકરભાઈ પરમાર તથા અન્ય બે આરોપી શંકરભાઈ જેઠાભાઈ પરમાર અને બળદેવભાઈ જેઠાભાઈ પરમાર દ્વારા ફરીયાદી આરોગ્ય કર્મચારીને કહુ કે તુ અહીથી જતો રહે નહી તો જોવા જેવી થશે તેમ કહેતા આરોપી ગૌતમભાઈ શંકરભાઈ પરમાર દ્વારા તપાસમાં ગયેલ આરોગ્ય કર્મચારીને મોઢા ઉપર થપ્પડો ફરી આરોપી શંકરભાઈ પરમાર તથા બળદેવભાઈ દ્વારા ઉપરાણું લઈને આવી બિભત્સ ગાળો બોલી હવે ફરીથી અમારા ઘરે આવીશ તો તને જીવતો નહી જવા દઈએ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણેય વિરૂધ્ધ ૨૧-૪-૨૦૨૦ના રોજ ફરીયાદ નોધાઈ હતી. જેમાં પ્રાંતિજ પોલીસ દ્વારા ત્રણેય અટકાયત કરીહતી. જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા તાત્કાલિક ધોરણે ત્રણેયને સજા સુનાવણી હાથ ધરતા ત્રણેય આરોપીઓને પાસા હેઠળ જિલ્લા બહાર અલગ અલગ જેલમા આપવામાં આવ્યા હતા જેમાં ગૌતમભાઈ શંકરભાઈ પરમારને વડોદરા તથા શંકરભાઈ જેઠાભાઈ પરમારને સુરત તથા બળદેવભાઈ જેઠાભાઈ પરમારને રાજકોટ ખાતે આવેલ જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

### હિંમતનગરમાં શહેરવાસીઓને તમામ વેરામાંથી મુક્તિ આપવા ચીફ ઓફિસરને કરી માંગ

દુનિયા ભર માં મહાસંકટ એવા કોરોના વાયરસ થી ફેલાતી મહામારી માં લોકડાઉનના લીધે ધંધો રોજગાર બંધ થઈ જતા લાખો પરિવારો આર્થિક સંકટમાં છે. ગરીબ, મધ્યમવર્ગ તેમજ રોજ કમાઈ ને ખાવા વાળાની હાલત ખુબ કફોડી છે ત્યારે હિંમતનગર નગરપાલિકાના વિપક્ષ ના નેતા ઈમરાન બાદશાહ અને ઈશ્વર ભાઈ દેસાઈ પ્રમુખ - શહેર કોગે?સ , નગરપાલિકાના ચીફ ઓફિસર સાથે મુલાકાત કરી શહેર ના તમામ મિલકત ધારકો વેપારીઓને ૬ મહિના તમામ કરવેરા ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવા રજૂઆત કરવામાં આવી.હિંમતનગર નગર પાલિકા આગામી સામાન્ય સભામાં દરખાસ્ત મૂકી લોકહિતમાં નિર્ણય લે એવી વિનંતિ ઈમરાન બાદશાહ (વિપક્ષ નેતા, હિંમતનગર નગરપાલિકા)એ માંગ કરી છે.

### એપ્રોચ જરૂરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધેલા પગલાઓ અંગે માહિતી પણ મેળવી હતી. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આ વાતચીત યોજાઈ હતી જેમાં જરૂરી માર્ગદર્શન પણ હર્ષવર્ધને આપ્યું હતું. રાજ્યના આરોગ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, ગુજરાતના અમદાવાદ, સુરતમાં પ્રોએક્ટિવ ટેસ્ટિંગના પરિણામ સ્વરુપે કેસોની સંખ્યામાં વધારો થયો છે. ડો. હર્ષવર્ધને કોરોના વાયરસની વૈશ્વિક મહામારીના જંગ સામે તમામ રાજ્યો દ્વારા થઈ રહેલ કામગીરીને બિરદાવતાં કહ્યું કે, તમામ રાજ્યો છેલ્લા ચારેક મહિનાથી જે રીતે દિન-રાત સતત મહેનત કરી રહ્યા છે અને કોઈપણ પ્રકારની કસર છોડતા નથી તેના પરિણામે ભારતને કોરોના વાયરસનાં સંક્રમણને અટકાવવા ચોક્કસ સફળતા મળી છે અને દેશને સંક્રમણના ત્રીજા તબક્કામાં પહોચવાથી બચાવી શક્યા છીએ તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે જે વિસ્તારોમાં વધુ તકલીફ છે ત્યા કેન્દ્રની ટીમો મોકલીને માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે તેનો પણ મહત્તમ સહયોગ લઈને સહિયારા પ્રયાસો કરીએ. દેશમાં ખાનગી અને સરકારી મળી કુલ ૩૫૦ કોવિદ ટેસ્ટીગ લેબ ઉપલબ્ધ છે જેના દ્વારા ૫.૫૦ લાખથી વધુ ટેસ્ટ થઈ રહ્યા છે.લૉક ડાઉન નો ચુસ્તપણે અમલ કરાવવા ભારપૂર્વક અનુરોધ કરતા તેમણે ઉમેર્યુ કે કોરોના વોરિયર્સ પર ના હુમલા સંદર્ભે પણ જાગૃતિ કેળવીએ તથા આરોગ્ય કર્મીઓ માટે રૂ.૫૦ લાખનુ વીમા કવચ પણ પુરૂ પાડવામાં આવ્યુ છે.તેમણે કોવિદ ની સાથે સાથે અન્ય રોગો પણ દેશમાં પ્રસરે નહિ એ માટે પૂરતી તકેદારી રાખવા પણ ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે લીધેલાં પગલાંઓ અને કરેલી કામગીરીની વિગતો આપતાં કહ્યું કે, કોરોનાવાયરસ ને સંક્રમણમાં ગુજરાત બીજા ક્રમે છે તે અંગે અમે સૌ ચિંતિત છીએ અને એટલે જ અમે પ્રોએકટીવલી કામ કરી રહ્યા છીએ અમદાવાદ અને સુરત શહેરમાં સંક્રમણનું પ્રમાણ ડબલ રેટમાં જોવા મળી રહ્યું છે તેનું મુખ્ય ને મુખ્ય કારણ રાજ્ય સરકારે છેલ્લા અઠવાડિયામાં વધારે ટેસ્ટીગની એગ્રેસીવ પોલીસી દ્વારા ક્લસ્ટર વિસ્તારમાં કરી છે તેના પરિણામે છે.રાજ્ય સરકારે રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૪૨,૩૮૪ ટેસ્ટ કર્યા છે જેમાં ૨૬૨૪ કેસ પોઝિટિવ આવ્યા છે તે તમામને સારવાર સહિતની આઈસોલેશનની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.રાજયમાં કોવિદ ને લગતી ડેઝીગ્નેટેડ હોસ્પિટલો,વેન્ટીલેટર તથા અન્ય સાધન સામગ્રી પણ પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ છે. નાયબ મુખ્ય મંત્રીએ,રાજ્યના શહેરો અને નગરોમાં સેમ્પલ એકત્રિત કરવા માટે આરોગ્ય કર્મીઓ યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા છે તેમને પણ સંક્રમણ ની અસર થઈ છે તેજ રીતે લોક ડાઉનના ચુસ્ત અમલ માટે પોલીસ કર્મીઓ પણ ખડેપગે ફરજ અદા કરી રહ્યા છે તેમને પણ સંક્રમણ ની અસર થઈ છે ત્યારે આરોગ્ય કર્મીઓ અને પોલીસ કર્મીઓને પણ ફરજના સ્થળે પીપીઈ કીટ, અન્ય સુવિધાઓ કઈ રીતે પૂરી પાડવી તે અંગે માર્ગદર્શન માગ્યું હતુ.

### બોધપાઠ છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાડવાની બાબત ખુબ મુશ્કેલ બની જશે. ગ્રામ્ય પોતાના સ્તર પર જિલ્લા પોતાના સ્તર પર અને રાજ્ય પોતાના સ્તર પર તથા દેશ પોતાનીરીતે આત્મનિર્ભર બને તે ખુબ જરૂરી બાબત છે. પોતાની જરૂરિયાતોની પુર્ણ કરવા માટે બહારના લોકોની તરફ જોવું ન પડે તે ખુબ જરૂરી છે. અમારી જરૂરિયાતોને પૂર્ણ કરવાની પ્રાથમિકતા ખુબ મહત્વપૂર્ણ છે. વર્તમાન પરિસ્થિતિ દર્શાવે છે કે, આત્મનિર્ભર બન્યા વગર કોરોના જેવા સંકટોનો સામનો કરવામાં તકલીફ પડશે. મોદીએ અનેક યોજનાઓના સંદર્ભમાં વાત કરી હતી. સાથે સાથે લોકોને ગ્રામ્ય વિસ્તારમાં સાવધાની રાખવા માટે પણ કહ્યું હતું. સરળ ભાષામાં સમજાવતા મોદીએ દેશના ગામોને બે ગજ અંતરનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે, કોરોનાથી બચવા માટે ગ્રામિણ વિસ્તારોને આ સંદેશ પ્રેરણારુપ બની રહેશે. કોરોના વાયરસ અતિક્રમણની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, કોરોના વાયરસ વિચિત્ર વાયરસ તરીકે છે. તે પોતાનીરીતે કોઈ જગ્યાએ ફેલાતો નથી. જો કોરોનાને બોલાવવામાં આવશે અથવા તો તેને લેવા જવાની સ્થિતિમાં જ તે ઘરમાં ઘુસી જશે જેથી બે ગજ અંતર વાળો મંત્ર ગુંજતો રહે તે ખુબ જરૂરી છે. સરપંચો સાથેની વાતચીતમાં ગ્રામ પ્રધાનો અને અન્યોએ તમામ પ્રકારની માહિતી આપી હતી. કેન્દ્રીય યોજનાઓનો લાભ કઈરીતે લેવામાં આવી રહ્યો છે તેની માહિતી પણ આપી હતી. મોદીએ આ વાતચીત દરમિયાન પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને યાદ કરીને ટકોર કરી હતી. તેમના નામનો ઉલ્લેખ કર્યા વગર પરોક્ષરીતે ટિપ્પણી કરી હતી. મોદીએ પ્રશ્ન કરતા કહ્યું હતું કે, પહેલા લોકો કહેતા હતા કે, કેન્દ્રથી એક રૂપિયો નિકળે છે અને ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચતા ૧૫ પૈસા બચી જાય છે

### સ્થિતિ ગંભીર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોરોના વાયરસને લઈને કરવામાં આવેલા લોકડાઉનને આજે એક મહિનાનો ગાળો પૂર્ણ થયો છે. ૨૪મી માર્ચના દિવસે જ મોદીએ સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરી હતી. આરોગ્ય મંત્રાલયના કહેવા મુજબ જો લોકડાઉનની જાહેરાત ન કરી હોત તો કેસોની સંખ્યા લાખોમાં પહોંચી હોત. બીજી બાજુ ગૃહમંત્રાલય દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, પાંચ શહેરો અમદાવાદ, સુરત, થાણે, હૈદરાબાદ અને ચેન્નાઈમાં સ્થિતિ ગંભીર બનેલી છે. દેશના જુદા જુદા ભાગોમાં લોકડાઉનમાં પગલાના ભંગ થઈ રહ્યા છે જેનાથી ખતરો વદી રહ્યો છે. અગાઉના દિવસે જ ગૃહમંત્રાલયે કહ્યું હતું કે, ગુજરાત, તેલંગાણા અને તમિળનાડુમાં ચાર આંતર મંત્રાલયની ટીમો પરિસ્થિતિની સમીક્ષા કરશે. ૬ની રચના કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ તમિળનાડુ સરકારે ચેન્નાઈ, કોઈમ્બતુર, મદુરાઈમાં સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દીધી છે. કેસોની સંખ્યામાં વધારાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર ૨૫મી માર્ચના દિવસે લોકડાઉનની જાહેરાત કરી હતી.

### વધુ છ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. બીજી તરફ આ કર્મચારીના સંપર્કમાં આવેલ એ.પી.એમ.સી.ના અન્ય લોકો સહિતની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ આધારે ક્વોરોન્ટાઈન આજે મોડી સાંજ સુધીમાં કરી દેવામાં આવશે. માણસા તાલુકાના બદપુરાનો યુવાન હાલ અમદાવાદ શહેરના એસ.આર.પી. બંદોબસ્તમાં ફરજ પર હતો. જે અમદાવાદના સારંગપુર દરવાજા પાસે લોકડાઉનની અમલવારીમાં ફરજ બજાવતો હતો. આ જવાનનો ટેસ્ટ પણ પોઝીટીવ આવતાં તેને અમદાવાદ દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકાની આરોગ્યની ટીમ દ્વારા તેના ઘરે ફ્યુમીગેશન સહિતની જરૂરી કામગીરી હાથ ધરી છે. જિલ્લાના માણસા તાલુકાના બદપુરા ગામના જવાનનો કેસ અને સે. ૫ની નર્સીંગની ફરજો બજાવતી દિકરીનો કેસ અમદાવાદ શહેરમાં ગણાશે તો ગ્રામ્ય વિસ્તારના ૩ કેસ થશે. જેમાં દહેગામના પાલૈયાના બે અને ગાંધીનગરના બે કેસ એમ ૪ કેસ ગાંધીનગરમાં ગણાશે. જિલ્લામાં આજે નોંધાયેલા આ છ કેસ સાથે અત્યાર સુધી નોંધાયેલા પોઝીટીવ કેસની સંખ્યા ૨૪ થવા જાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ જિલ્લા આરોગ્યતંત્રની ચિંતા વધુ ને વધુ ઘેરી થતી જાય છે. જિલ્લામાં હાલ ચારેય તાલુકામાં ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરો કાર્યરત છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ અત્યાર સુધીમાં ૧૦ જેટલા કોરોનાના પોઝીટીવ કેસ નોંધાયા છે જેમાં કોલવડાની મહિલાનું મૃત્યુ સારવાર દરમ્યાન થયુ છે.

### પીડીત અવસ્થામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સારવાર આપવામાં આવે છે. જયારે આજે કોરોનાના દર્દીઓને સારવાર આપતા ડોકટર જ સંક્રમિત થતા સિવિલ હોસ્પિટલના તબીબી આલમમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. હાલ આ તબીબના સંપર્કમાં સ્વાભાવિક રીતે જ હોય તેવા સિવિલના અન્ય ૬ તબીબોની તપાસ માટે પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. સિવિલ હોસ્પિટલના ૬ ડોકટરોના સેમ્પલ પરિક્ષણ અર્થે મોકરવામાં આવ્યા છે. જયારે સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા અન્ય ૨ સિનિયર રેસીન્ડન્સ તબીબ અગાઉ થી જ રજા પર છે. આવા સંજોગોમાં આજે અન્ય એક ડોકટરને પણ કોરોના પોઝીટીવ આવવાથી કોરોના વોર્ડની હાલત જ વેન્ટીલેટર પર આવી ગઈ છે. સિવિલ હોસ્પિટલમાં હાલ જિલ્લામાંથી દાખલ બે દર્દીઓને સારવાર પુરી પાડવામાં આવી રહી છે. આવા સંજોગોમાં અન્ય તબીબોને પણ જયાં સુધી રીપોર્ટ ન આવે ત્યાં સુધી કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે સતત પ્રયત્નશીલ ડોકટરને કોરોનાનુ સંક્રમણ લાગતા તબીબી આલમમાં પણ ચિંતા પ્રવર્તી છે. જયારે કોરોના વોર્ડમાં દર્દીઓની સારવાર માટે પણ સિવિલ તંત્રમાં મુંઝવણભરી સ્થિતિ સર્જાઈ છે.

### પ્રારંભ થયો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સોલા પછી જી.એમ.ઈ.આર.એસ.માં આ મંજૂરી મળી છે. હવે જિલ્લામાં આ સાથે બે લેબ થઈ છે. એક લેબ બાયોટેકનોલોજી સંસ્થાન ખાતે કાર્યરત છે અને આ બીજી લેબ બને છે જે નોંધનીય છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાની કામગીરી પણ હાલ અંતિમ તબક્કામાં છે. ૩૦૦ બેડની કોવિડ હોસ્પિટલ એકાદ-બે દિવસમાં જ કાર્યરત થઈ જશે.

હોસ્પિટલના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ચોથા માળથી ૮ માળ સુધીના તમામ વોર્ડ આ હોસ્પિટલમાં ઉપયોગમાં લેવામાં આવશે.

એક વોર્ડમાં ૨૦ પથારી રાખવામાં આવશે અર્થાત્ કોવિડ હોસ્પિટલ ૧૫ વોર્ડ ધરાવશે જે નોંધનીય છે. કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવા માટે મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે હોસ્પિટલની મુલાકાત પણ લીધી હતી આ પછી તંત્ર સાથે અલગથી બેઠક પણ લીધી હતી. તેમજ જે કંઈ ખૂટતી કડીઓ આ સુવિધા ઉભી કરવાની હતી તે પૂર્ણ કરી દેવાઈ છે.

### ખરીદી બંધ રાખી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં આ સઘળો માલ આવતો હોય તેવા ઠેકાણે સંક્રમિત દર્દીનો ચેપ પણ આ વસ્તુઓ ખરીદવાથી લાગી શકે તેમ છે. ત્યારે નગરજનોએ આ મામલે વિશેષ સાવચેત રહેવાની અનિવાર્યતા છે. એક સપ્તાહ સુધી શાકભાજી પણ બંધ કરી દેવી જોઈએ તેવો સુર પણ સ્થાનિક જાગૃતોએ વ્યકત કર્યો છે. અમદાવાદમાં જે રીતે કોરોનાના કેસ વધી રહ્યા છે તે મુજબ શાકભાજી ખરીદી કરવાનુ પણ હમણાં નગરજનોએ ટાળવુ જોઈએ. નિયમિત જમવામાં શાકભાજીના બદલે કઠોળનો ઉપયોગ કરવો પણ હીતાવહ રહેશે. પરંતુ હાલ થોડા દિવસો નગરજનોએ જરૂરી ચીજવસ્તુઓની ખરીદી પર રોક લગાવી અનિવાર્ય છે.